Dr. Babasaheb Ambedkar Open University (Established by Government of Gujarat)
A Refereed and Peer-Reviewed International e-Journal of Humanities and Social Sciences
Website: http://jyotirmay.baou.edu.in/chaitanya/ Email: chaitanya.ejournal@baou.edu.in
॥ चैतन्य ॥ CHAITANYA
ISSN: 2582 2802
Year–06, Volume –06, Issue–04, December–2025

# ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રની બહારવટિયા કથાઓઃ તુલનાત્મક અભ્યાસ

– ડૉ. કૌશિકકુમાર એલ. પંડ્યા

**સારાંશઃ**

ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રની બહારવટિયા કથાઓને તુલનાત્મક અભિગમથી તપાસીએ છીએ ત્યારે બન્ને પ્રાન્તના બહારવટિયાના બહારવટાનાં કારણો, સ્ત્રી પ્રત્યેના વ્યવહાર-વર્તન, બહાવટાનાં નીતિ-નિયમો, દુશ્મન પ્રત્યેના તેમના વ્યવહારો, ગરીબો-બ્રાહ્મણ, ચારણ-ભાટ-ગાયો પ્રત્યેના સદ્‌ભાવભર્યો વર્તાવ, તેમની વિલક્ષણ ધર્મનીતિ, ઈશ્વરશ્રદ્ધા, ચમત્કારો, આશીર્વાદ, શાપવાણીમાં શ્રદ્ધા, શુકન-અપશુકનના ખ્યાલો, તેમના પરાક્રમોની પ્રશંસા કરતાં કથાગીતો-દુહાઓ, ઘોડા પ્રત્યેનો તેમને આત્મીય લગાવ-વગેરે સન્દર્ભે ઘણું બધું સામ્ય દેખાય છે. આ કથાઓ વાંચતા એક એવું તારણ કાઢી શકાય કે ઉત્તર ગુજરાતમાં જેટલા બહારવટિયાઓ થયા છે તેની તુલનાએ સૌરાષ્ટ્રમાં ઘણાબધા બહારવટિયા થયા છે. વળી, આ બહારવટિયાનાં ગુણ—લક્ષણો અને જીવનપ્રસંગોમાં માત્રાભેદે ઘણું વૈવિધ્ય પણ જોવા મળે છે. સૌરાષ્ટ્રના બહારવટિયાઓની કથાને શબ્દસ્થ કરવા ઝવેરચંદ મેઘાણી જેવા સમર્થ, નિષ્ઠાવાન, પ્રામાણિક અને આગવી સૂઝ-સમજવાળા સંશોધક અને સર્જનપ્રતિભા ધરાવતા સર્જક પ્રાપ્ત થયા તેવું ઉત્તર ગુજરાતના લોકસાહિત્યના સન્દર્ભે બન્યું નથી. તેથી ઉત્તર ગુજરાતના ગામડાંઓમાં જે લોકસાહિત્ય પડયું છે તે લિખિત સ્વરૂપમાં પ્રાપ્ત થઈ શકયું નથી. સૌરાષ્ટ્રની તુલનાએ ઉત્તર ગુજરાતમાં સમર્થ સંશોધક અને સર્જકનો અભાવ, તેની બહારવટિયાકથાની સંખ્યા અને સંપાદનની સર્જનાત્મકતા પર અસર કરતો જણાય છે.

**ચાવીરૂપ શબ્દોઃ** બહારવટિયાકથા, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રનાં લોકસાહિત્યમાં લોકમૂલ્યો.

---

આજકાલ વિવેચન-સંશોધનમાં આંતરવિદ્યાકીય અભિગમ અસ્તિત્વમાં આવ્યો છે ત્યારે આપણે લોકસાહિત્યને-લોકકથાને પણ આ પ્રકારના અભિગમથી તપાસીએ તો એક નવા પ્રકારનું રહસ્ય-તથ્ય પ્રગટ થઈ શકે. લોકકથાનું જે સંશોધકો-સંપાદકો, તેની અસલિયત (Originality) જાળવીને સંપાદન કરે છે કે તેનું પુનસર્જન (Retold) કરે છે ત્યારે તેમના આ પ્રકારના ઉદ્યમ પાછળનો મુખ્ય આશય જાણવો ખૂબ જ જરૂરી છે. મેઘાણીએ Outlaws of Kathiyavad ગ્રંથ વાંચ્યો ત્યારે તેમને તેમના બ્રિટિશ લેખકનો અભિગમ બરાબર ન લાગ્યો. એક બ્રિટિશર ભારતીય સંસ્કૃતિ, ભારતીય સમાજ, બહારવટિયાના આશય અને તેમના નીતિ-નિયમો જાણ્યા-સમજ્યા વિના માત્ર નિષેધાત્મક અને પોતાના જ અભિગમથી લખે ત્યારે એ સમગ્ર રાષ્ટ્ર તથા તેની સંસ્કૃતિને કેવા અપમાનિત કરે છે, તેના એક દૃષ્ટાંત તરીકે મેઘાણીએ આ ગ્રંથ જોયો. મેઘાણીએ તો પોતાની

માતૃભૂમિ પ્રત્યેના અપૂર્વ લગાવથી, ભારતીય સંસ્કૃતિ પ્રત્યેના અહોભાવથી અને બહારવટિયાનાં નીતિ-નિયમોને જાણી-સમજીને સોરઠી બહારવટિયાઓ વિશે લખ્યું છે. તેથી 'સોરઠી બહારવટિયા'ની પ્રત્યેક કથામાં રંગપૂરણી જરૂર થઈ છે. આ લોકકથાના નાયકને બહારવટિયા કહીએ છીએ ત્યારે તેની પાછળનો કોઈ ખાસ આશય ખરો? ચોર-લૂંટારાઓથી બહારવટિયાને કઈ રીતે -દષ્ટિએ જુદા પાડી શકાય? બન્ને વચ્ચે એવી કોઈ ભેદરેખા રહેલી છે? ઝવેરચંદ મેઘાણીએ બહારવટિયાના અર્થને તેમના દીર્ઘલેખ 'બહારવટાની મીમાંસા'-ના આરમ્ભે નોંધ્યો છે તે જોઈએ:

"પોતાને અને રાજસત્તાને વાંધો પડવાથી કોઈપણ મનુષ્ય એ રાજસત્તાની અવગણના કરી રાજ્ય બહારની વાટ (માર્ગ) પકડે એનું નામ બહારવ(વા)ટિયો. અંગ્રેજી ભાષામાં એનો પર્યાય શબ્દ છે, 'આઉટ લૉ'. 'આઉટ લૉ' એટલે કાયદા કાનૂનના પ્રદેશની બહાર નીકળી જનાર, કાયદાને આધીન રહેવા ના પાડનાર અને તેને પરિણામે કાયદાના રક્ષણથી પણ વંચિત રહેનાર ઈસમ." *(લો.સા.: ધરતીનું ધાવણ, પૃ. ૭૪)*

બાહ્ય રીતે જોઈએ તો બહારવટિયા ચોર-લૂંટારાની જેમ જ ચોરી રે છે, લૂંટ કરે છે, ધાડ પાડે છે, અજાણતા જ આક્રમણ કરે છે, હત્યાઓ કરે છે અને એ રીતે પ્રજા પર ત્રાસ વર્તાવે છે. તો ચોર-લૂંટારુંથી એ કઈ રીતે જુદા પડે છે? ચોર-લૂંટારાનું કામ ચોરી કરવાનું છે, લૂંટ કરવાનું છે, પોતાના અંગત સ્વાર્થ માટે તે પ્રજાને લૂંટે છે અને જે લૂંટે છે તે બધું પોતાના માટે જ રાખે છે, વાપરે છે. તેની ચોરી કે લૂંટની પ્રવૃત્તિમાં કોઈ નીતિ-નિયમો હોતાં નથી. પોતાની પ્રવૃત્તિમાં અવરોધક એવી કોઈ પણ વ્યક્તિની હત્યા કરતા તેઓ અચકાતા નથી. પ્રજાના કોઈપણ વર્ગની સહાનુભૂતિના પાત્ર આ ચોર-લૂંટારા બની શકયા નથી. કયાંય કોઈએ તેમના નામની નોંધ લીધી નથી; ન તો સમાજે, ન તો લોકોએ, ન તો કોઈ ઇતિહાસે, ન તો કવિએ. જ્યારે બહારવટિયાઓ પણ ચોરી કરે છે, લૂંટ કરે છે, હત્યા કરે છે; પરન્તુ તેના બહારવટામાં કેટલાંક નીતિ-નિયમો હોય છે; તેનો મુખ્ય આશય ચોરી-લૂંટ કરવાનો નથી. તેઓ બે કારણોસર ચોરી-લૂંટ કરે છે: એક, પોતાના સાથીઓના ભરણપોષણ માટે. રાજાની જેમ તેની પાસે રાજઆવક નથી કે તે પોતાની સાથેના સાથીઓને નભાવી શકે અને બે, યુદ્ધ નીતિ મુજબ પ્રજામાં હાહાકાર મચાવીને પ્રજા દ્વારા જ રાજા સમક્ષ દબાણ લાવીને પોતાને થયેલા અન્યાયનો નીવેડો લાવી શકાય. વળી, તેઓ ચોરી-લૂંટ કરતાં જે વધે છે તે ગરીબોમાં વહેંચી પણ દે છે, પોતાના માટે રાખતા નથી. તેઓ ગરીબોને લૂંટતા નથી. સ્ત્રી-બ્રાહ્મણ-ભાટ-ચારણ વગેરેને આદરભાવથી જુએ છે. આ કારણે જ લોકો માર ખાઈને, લૂંટાઈને, પીડાઓ સહન કરીને પણ તેમની બહાદુરી ભૂલતા નહીં, એટલું જ નહીં પરન્તુ તેમની વીરતા-પ્રેમશૌર્યની પ્રશસ્તિ કરતાં ગીતો-રાસડાઓ-દુહાઓ રચતાં અને જાહેરમાં ઉત્સવો મનાવતાં હોય તેમ ઉત્સાહભેર ગાતાં પણ ખરાં ! ડૉ. હસુ યાજ્ઞિક સંપાદિત 'ગુજરાતી લોકસાહિત્યમાં કથાગીતો', અને જુદા જુદા સંપાદકો દ્વારા સંપાદિત થયેલી લોકકથાઓમાં નિરૂપાયેલા દુહાઓ આ વાતની સાક્ષી પૂરે છે. ચોરી-લૂંટ કરે તે ચોર-લૂંટારો હોય એમ નહિ. શિવાજીએ કેટલીયવાર સૂરત લૂંટ્યું, આ ચોરી-લૂંટ પાછળના આશયથી વ્યક્તિનું મૂલ્યાંકન થતું હોય છે. આમ, બહારવટિયાને ચોર-લૂંટારાથી અલગ પાડનાર તેની બહારવટાનીતિ અને બહારવટાં પાછળનાં કારણો છે જે માત્ર અમુકતમુક પ્રાન્તના બહારવટિયાઓમાં નહીં, પરન્તુ વિશ્વભરનાં બહારવટિયામાં, માત્રાભેદે, જોવા મળે છે.

ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના લોકસાહિત્યમાં કંઈ કેટલાય બહારવટિયાઓની લોકકથાઓ જોવા મળે છે. ઉત્તર ગુજરાતમાં મુખ્યત્વે મીરખાન બલોચ, ભંકોડાના ભૂપતસિંહ, તલાજી સોલંકી, ધીરજી, સૂરજમલ, સઆદતખાન બલોચ, કચરો મેર વગેરેનો ઉલ્લેખ કરી શકાય. ઉત્તર ગુજરાતની તુલનાએ સૌરાષ્ટ્રમાં બહારવટિયાની સંખ્યા વધુ છે. આ બહારવટિયાઓમાં જેસોજી વેજોજી, ભીમોજત, હીપા ખુમાણ, જોગીદાસ ખુમાણ, બાવાવાળો, વરજાંગ ધાધલ, જોધો માણેક, મૂળુ માણેક, કાદુ મકરાણી, રવોજી-કલોજી, રામવાળો, ચાંપરાજવાળો, અભો સોરઠિયો, નાથો મોઢવાડિયો, ગીગો મહિયો, વાલો નામોરી, સોવર સંઘવાણી જેવા અન્ય પણ કેટલાક બહારવટિયાઓનો ઉલ્લેખ કરી શકાય. આ બન્ને પ્રાન્તની બહારવટિયાકથાના સંદર્ભે એક વાત બહુ સ્પષ્ટ છે કે સૌરાષ્ટ્રના બહારવટિયાઓની કથાને શબ્દસ્થ કરવા ઝવેરચંદ મેઘાણી જેવા સમર્થ, નિષ્ઠાવાન, પ્રામાણિક અને આગવી સૂઝ-સમજવાળા સંશોધક અને સર્જનપ્રતિભા ધરાવતા સર્જક પ્રાપ્ત થયા તેવું ઉત્તર ગુજરાતના લોકસાહિત્યના સન્દર્ભે બન્યું નથી. તેથી ઉત્તર ગુજરાતના ગામડાંઓમાં જે લોકસાહિત્ય પડયું છે તે લિખિત સ્વરૂપમાં પ્રાપ્ત થઈ શકયું નથી. સૌરાષ્ટ્રની તુલનાએ ઉત્તર ગુજરાતમાં સમર્થ સંશોધક અને સર્જકનો અભાવ, તેની બહારવટિયાકથાની સંખ્યા અને સંપાદનની સર્જનાત્મકતા પર અસર કરતો જણાય છે.

બંન્ને પ્રાન્તના બહારવટિયાઓનાં બહારવટાનાં કારણોની તુલના કરીએ છીએ ત્યારે તેમાં કેટલુંક સામ્ય, તો કેટલુંક વૈષમ્ય નજરે ચડે છે. ઉત્તર ગુજરાતના બહારવટિયાનાં બહારવટાંનાં એક કારણમાં ગરાસ ઝુંટવાઈ જતા થયેલો અન્યાય છે. ભંકોડાના ભૂપતસિંહનો ગરાસ તેમના બે ભાઈઓ – દાદો અને નથુ -એ ઝૂંટવી લીધો હતો તેથી ભૂપતસિંહ બહારવટે ચડયો હતો. તે દાદો અને બનેસંગને મારે છે, નથ્થુભાઈ તો હાકલથી ભાગે છે અને એ રીતે ગરાસ પાછો મેળવે છે. સૂરજમલ અને તેનો સાથીદાર સઆતખાન બલોચ બ્રિટિશ સરકારની હથિયારબંધી કરવાના ફતવાથી છેડાઈને બ્રિટિશ સરકાર સામે બહારવટે ચડે છે. અંગ્રેજ સત્તાના ભારતમાંના થાંભલારૂપ ડેલહાઉસના શસ્ત્ર બંદીના કાળા કાયદાનો અમલ કરાવવા ઇડરના પાદરમાં તંબુ તાણીને ગોરો અફસર પડયો હતો અને ઇડરના રાજવી અને તેના પટાવતોને સાથે રાખીને ફતવા પર સહીઓ લઈ નમાવતો અને તેની સત્તાનો પરચો બતાવતો હતો ત્યારે સૂરજમલે મર્દાનગીથી તેના ફતવાને પોતાની કટારથી ફાડીને ફેંકી દોધી. એ રીતે તેમણે બ્રિટિશ સરકાર સામે બહારવટું કર્યું. બલોચો, ઠાકરો, ભીલોને સમજાવી વ્યૂહ રચ્યો અને ૨૦ વર્ષ સુધી તેમણે આ બહારવટું ચાલુ રાખ્યું. અંતે અંગ્રેજ સત્તાએ હથિયાર આંચકી લેવાનું માંડી વાળ્યું. ઇડર પરગણાના વાંકાનેર ગામના ઠાકોર ખુમાણસિંહના પુત્ર ધીરજી પણ ચાંદરણીના વારસો સાથે વિવાદ થતાં બહારવટે ચડયો હતો. સૌરાષ્ટ્રમાં ગરાસ સન્દર્ભે થયેલા અન્યાયને લીધે ઘણી બધી વ્યક્તિઓ બહારવટે ચડી હતી. જેસાંજી-વેજોજી જૂનાગઢ-અમદાવાદની મુગલ સુબાગીરી સામે વીસ વર્ષ બહારવટું ખેલ્યું અને અંતે પાર પણ પડયું. ભીમો જત ગોંડલ રાજ સામે બાર વર્ષ ઝઝૂમ્યો. હીપો ખુમાણ પાલિતાણા સામે અને જોગીદાસ ખુમાણ ભાવનગરના રાજવી વજેસંગ સામે બહારવટે ચડયા હતા. રામવાળો જેતપુર દરબાર સામે, વરજાંગ ધાધલ પણ જેતપુર દરબાર સામે બહારવટું પાર પાડીને જંપ્યા હતા. જોધો માણેક અને મૂળુ માણેક ગાયકવાડ સામે, કાદુ મકરાણી જૂનાગઢ રાજ સામે, રવોજી-કલોજી ગોંડલ રાજ સામે, રામવાળો ગાયકવાડ સામે બહારવટે ચડયા હતા. આ બધા સોરઠી બહારવટિયાના બહારવટાને કેન્દ્રમાં ગરાસનો મુદ્દો મુખ્ય હતો. ઉત્તર ગુજરાતના

વીરજીને પોતાનું મનગમતું ઘાંટી ગામ આપવું પડયું તેનું દુઃખ હતું અને તે ફરી પાછું લે છે. તેમ સૌરાષ્ટ્રમાં જોગીદાસ ખુમાણ 'કુંડલા' ગામના પ્રશ્ને ભાવનગરના રાજવી વજેસંગસામે વર્ષો સુધી લડયા હતા. સોરઠી બહારવટિયાના જીવનપ્રસંગો, તેની બહાદુરી સાહસ, બહારવટાનીતિ, ખાનદાની, સંસ્કારિતાને જે રીતે મેઘાણી આલેખી શકયા છે તે રીતે ઉત્તર ગુજરાતના બહારવટિયાની ઊજળી-કાળી બાજુને ઊપસાવી શકાય નથી. પરન્તુ ગરાસનો મુદ્દો બન્ને પ્રાન્તના બહારવટાના સંદર્ભે સમાન લાગે છે.

બહારવટાના અન્ય બીજાં કારણો પણ છે. ઉત્તર ગુજરાતનો મીરખાનના બહારવટાનું કારણ મે'ણું છે. મીરખાન સરિયદનો વતની હતો. વિજાપુરમાં અને પછી ખેરાળુંમાં નોકરી કરતો હતો. પાલનપુરમાં તેણે પોલીસ પટ્ટો પહેર્યો હતો. છેલ્લે સીપોરમાં નોકરી કરતો હતો ત્યારે માતાએ મેણું મારતાં કહ્યું, નોકરી કરીને પેટ ભરનારો બન્યો છે તો તું 'શૂરાપૂરા' થઈ બાપ જેવો થા." માતાના મેણાના સન્દર્ભે મીરખાન બહારવટિયો બન્યો. આ પ્રસંગને મીરખાનના કથાગીતમાં આ રીતે ગૂંથી લેવામાં આવ્યો છેઃ

*"તારી માવડીએ મેણું માર્યું મીરખાનજી, શૂરોપૂરો થાજે;*
*બાપાના જેવા પાકજો મીરખાનજી, બાપાના જેવા પાકજો."*

*

*"બહારવટિયે બની નામ કાઢું મીરખાન કેય, ઓલિયો થૈ પૂજાઉં."*

મેણાનો માર્યો મીરખાન નોકરી છોડી, ગામ આવી, ઢંઢેરો પીટાવી, જુવાનડા ભેગા કરી બહારવટે નીકળી પડે છે. બહારવટાનું આ કારણ વિશિષ્ટ છે જે સૌરાષ્ટ્રમાં કયાંય, કોઈ બહારવટિયાના સંદર્ભે જોવા મળતું નથી. હા, કયારેક અંગત વેરને કારણે ગીગો મહિયો, વાલો નામોરી, રાયદે બુચડ ચારણ કે પરોપકાર કરવા જતાં અન્ય ખાતર મારફાડ કરીને પછી બહારવટે ચડતા અભો સોરઠિયો, ચાંપરાજ વાળો, સંઘજી કાવેઠિયો જેવા બહારવટિયા જોવા મળે છે, પરંતુ મીરખાનને નથી અન્યાય થયો, નથી કોઈની સાથે વેર બંધાયું કે તે નથી કોઈપણ ઉપકાર કરવા માગતો; માત્ર મેણાનો માર્યો જ બહારવટે ચડે છે તે જરા અજુગતું પણ લાગે છે. આમ છતાં તે નેકદિલ, ઉદાર અને ધાર્મિક પ્રવૃત્તિવાળો હતો. તે માત્ર પોતાની માતાની ઈચ્છા પૂરી કરવા માટે જ બહારવટે ચડયો હતો.

બન્ને પ્રાન્તના બહારવટિયાઓની બહારવટનીતિમાં પણ કેટલુંક સામ્ય જોવા મળે છે. જો કે તેમના આ બહારવટાનાં નીતિ-નિયમોના પાલનમાં માત્રાભેદ, અવશ્ય જોવા મળે છે. ઉત્તર ગુજરાતના મીરખાનના જીવનપ્રસંગની એક લોકકથા છે 'ધરમનાં ભાઈબહેન !' સ્ત્રી સન્માનની ભાવનાના સંદર્ભમાં મીરખાનનો આ પ્રસંગ નિરૂપાયો છે. કોઈ જગ્યાએ મીરખાન પડાવ નાખીને પડયો છે. આ સમયે એક દેસાઈ-દેસાયણ ત્યાંથી નીકળે છે. મીરખાનનો સાથીદાર તેમને રોકવા પ્રયત્ન કરે છે. તે રોકાતા નથી. તેથી સાથી ગોળી છોડી દેસાઈને ઘાયલ કરે છે. મીરખાન જાગે છે અને અફસોસ વ્યક્ત કરે છે. દેસાયણને પોતાની બહેન માનીને તેની દીકરીના મામેરા માટે સોનામહોર અને થોડા પૈસા આપે છે. આ જીવીબાઈ દેસાયણે, મીરખાનને ફાંસી આપવામાં આવી ત્યારે, તેના મરશિયાં ગાયાં હતાં. ઉત્તર ગુજરાતના બહારવટિયાઓના જીવનપ્રસંગોમાં ખૂબ જ ઓછા પ્રમાણમાં સ્ત્રી-સન્માન કે સ્ત્રી પ્રત્યેના આદરને લગતા પ્રસંગો નિરૂપાયા છે. સોરઠી બહારવટિયા સન્દર્ભે તપાસીએતો આ

પ્રકારના થોકબંધ પ્રસંગો ઊડીને આંખે વળગે છે. વેજોજી તેના દુશ્મન બાદશાહને મારવા તેના શયનખંડમાં જાય છે અને બાદશાહની પાસે સૂતેલી તેની પત્નીના શરીર પરથી ખસી ગયેલાં કપડાં જોઈને તે શયનખંડની બહાર નીકળી જાય છે. પોતે શા માટે બહાર નીકળી ગયો તેનો ખુલાસો કરતાં તે કહે છેઃ 'હૂરમબેનનાં લૂંગડાં ખસી ગયા છે'. જેને બહેન કરી છે તે શત્રુની સ્ત્રી તેમના પતિને મારવા ધસી આવતા વેજોજીની આડે આવીને, ઊભી રહીને પોતાના ધરમના ભાઈને વિનવે છે અને કાપડામાં પતિનું જીવતદાન માગે છે ત્યારે વેજોજી કશા જ સંકોચ વિના - વેર લીધા વિના ધરમની બહેનના પતિને જીવતદાન આપે છે. કાદુ મકરાણી ગામડામાં એક ઘરમાં પેસે છે. તેને જોઈને તેની બીકથી ઘરની સ્ત્રી અર્ધનગ્નાવસ્થામાં બહાર દોડી જવા પ્રયત્ન કરે છે ત્યારે તે પીઠ દઈને ઊભો રહેતા કહે છેઃ 'બોન, તારાં લૂંગડાનું સાચવી લે. હું તારી અદબ કરીને ઊભો છું. લ્હીશ નહીં મા, બેટી !' આમ છતાં સ્ત્રી ભયભીત છે તેથી કાહુ તેનું ઘર લૂંટ્યા વિના જ પાછો ફરી જાય છે. કેટલાક બહારવટિયા સ્ત્રીનાં અંગ પરથી ઘરેણાં ઊતરાવતા, પરંતુ તેનથી દૂર રહીને, લેશમાત્ર કુદૃષ્ટિ કર્યા વિના કહેતાઃ 'બોનું ! તમે મારી ઘરમની બોનું છો. તમારા ગરીબ ભાઈને તમારાં ઘરેણાં કાઢી દઈને ખુશીથી ચાલી જાવ,બાપ !' પણ ભીમો જત જેવો બહારવટિયો તો કહેતાઃ 'ઈ મારે ન ખપે, ભા. બાઈયુંનાં પહેરેલાં પાલવડાં કાંઈ ભીમો ઉતરાવે. 'લોણિયાની સ્ત્રીઓનાં ઘરેણાં પાછાં આપે છે. જોગીદાસ ખુમાણ તો પોતાના પર મુગ્ધ બનીને પરણવાની જિદ્દ લઈને રસ્તે ઊભેલી સુતારણને 'તું તો મારી દીકરી કમંરી કે'વા ! કહીને અને કાહુ મકરાણી તેની વીરતા પર વારી ગયેલી ફાતમાને કડક ભાષામાં ઠપકો દઈ તિરસ્કારે છે. આ જ જોગીદાસે કયારે સ્ત્રી તરફ જોયું નથી. એકવાર પરનારી તરફ મીટ મંડાઈ જવાથી તેણે પોતાની આંખમાં મરચાની ભૂકી ભરીને પ્રાયશ્ચિત કર્યું હતું. તેના માનમાં ભાવનગરથી કચેરીમાં વારાંગનાનું નૃત્ય ગોઠવ્યું ત્યારે તેણે નાચ મુજરા બંધ કરાવ્યું અને કહ્યુંઃ 'મારી મા બોન્યું નાચે, ને ઈ હું બેઠો બેઠો જોઉં, એમ ન બને. ગણીકા ઉં તોય અસ્ત્રીનાં ખોળિયો'. જનેતાના અવતાર જેના ઓદરમાં આપણે સહુ નવ મહિના ઉઝરીએ એ જ માતાજીના કુળઃ બધું એકનું એક બાપા'. વાતો નામોરી તો કહેતોઃ ઓરતું ના ડિલ માથે આપણે હાથ પડે તો બહારવટાનો વાવટો સળગી જાય!' 'ઓલ્યો તારો બાપ ! લૂંટી લેશે' જેવા સાસુના આક્રોશ ભર્યા શબ્દો સાંભળી ઘરેણાં પહેરીને ખેતરે જતી વહુને ગીગા બહારવટિયાએ રોકી ત્યારે વહુએ ગીગાને સાસુએ ઉચ્ચારેલા શબ્દો કહ્યા. આ સાંભળી ગીગો બોલી ઉઠ્યોઃ તયીં તો હું તારો બાપ કર્યો, ભાઈ જુવાનો ! હું બાપ થઈને આ દીકરીને લૂંટુ? અરે રે લૂંટાઇ કાંઈ?' એમ તે બોલીને કણકણને મૂઠી ભરી કોરિયું આપે છે ચાંપરાજવાળો પરવડા જેલમાં હતો ત્યારે અંગ્રેજ જેલરની પત્નીને પ્રસૂતિની પીડામાંથી છોડાવવા પ્રાર્થના કરતાં બોલે છેઃ 'હે સૂરજદેવ ! મારી પાસે કોઇ દવા નથી પણ આજ સુધી મેં પરનારી પર મીટ પણ માંડી ન હોવાનો જો તું સાક્ષી હો, પરનારીનો સંકલ્પ પણ જો મેં કોઈ દી ન કર્યો હોય તો મઢમબેનનું આડું ભાંગીને તારા છોંડુની લાજ રાખજે, બાપ! નીકર આ તરવાર પેટમાં પરોવીને હું સૂઈ જઈશ.' આ પ્રાર્થના એ જેલર સાહેબની પત્નીની પ્રસૂતિ સરળતાથી થઈ તો ગઇ, સાથોસાથ પરન્તુ એ બનાવે ચાંપરાજવાળાના નિર્મળ ચારિત્ર્યનો પણ અનુભવપણ કરાવ્યો. આમ ઉતર ગુજરાત અને સોરઠનો બહારવટિયા કથામાં સ્ત્રી સન્માનનો મુદો સમાન લાગે છે, પરન્તુ સોરઠી બહારવટિયાની આ ભાવનાની સોલે આવે એવા

બહારવટિયા અન્ય કોઇ પ્રાન્તમાં જન્મયા નહીં હોય. કદાચ સોરઠ દેશની ભૂમિનો અને જે જ્ઞાતિ-કોમ-માંથી એ બહારવટિયાઓ આવ્યા છે તે જ્ઞાતિ-કમનાં સંસ્કારોનો પણ આ પ્રતાપ હોઇ શકે.

દુઃશ્મન પ્રત્યેના વ્યવહારની બાબતમાં પણ બન્ને પ્રાંતના બહારવટિયાના જીવન પ્રસંગોની તુલના કરી શકાય છે. મીરખાં બહાદુર એવા જંગલ ખાતાના યુવાન સૌરમખાનની પ્રશસા કરે છે અને ઉતર ગુજરાતનો ધીરજી બહારવટિયો બહારવટિયો દુઃશ્મનને પણ દગાથી ન મારવા જોઈએ એવી ભાવના વ્યકત કરે છે, પણ કરુણતા અથવા વક્રોકિત એ છે કે તેને જ દગાથી મારી નાખવામાં આવે છે. તલાજી ઠાકોર છેતરપીંડી કરનાર વાઘા વેવાઇને મારીને પોતાના વેર લેવા પોતાના દીકરા વિહાજીને કહે છે અને તેનો બીજો દીકરો એ વેર વાળી તલાજીને વાઘા વેવાઈના મૃત્યુના સમાચાર આપે છે. મીરખાન પણ તેના વેરી કરસન પટેલને, રતનચંદ્ર શેઠને મારે છે. આ બહારવટિયા પોતાના વેરી પ્રત્યે કોઈ સહાનુભૂતિ બતાવતા નથી. સોરઠના બહારવટિયાના દુઃશ્મન પ્રત્યેના સહવ્યવહારો અજોડ છે. દુશ્મનીમાં પણ ખાનદાનીનાં દર્શન કરાવતો જોગીદાસ ખુમારી પોતાના દુઃશ્મન ભાવનગરના મહારજા વજેસંગ ઠાકોરના પુત્ર કેસરીસંગનું અવસાન થાય છે ત્યારે ગુપ્તવેશમાં તેના ખરેખર-લૌકિક જાય છે. અને રાજા પણ તેને ઓળખી લે છે છતાં પકડતા નથી. આ રીતે વજેસંગનાં રાણી નાનીબાને જોગીદાસ ખુમાણ લૂંટારું રાધા ચાવડાના પંજામાંથી છોડવી સહીસલામત ભાવનગર પહોંચાડે છે. એટલું જ નહીં વજેસંગની રખાતની પુત્રી જે ગામમાં પરણાવી હતી તે ગામ પર ધાડ પાડવાનું માંડી વાળીને દીકરીને કાપડું મોકલાવે છે. નિઃશસ્ત્ર, નિઃસહાય, અસાવધ, શરણાગત કે ભાગતા શત્રુ પર કરવો એ આ સોરઠભૂમિના બહારવટિયાઓની બહારવટાનીતિનું ઉત્તમ લક્ષણ છે. આક્રમણ કરવા આવેલા રાજાબહાદુરના શરીરને ચરકો કર્યા વિના બંદૂકની ગોળીએ તેનો જમૈયો ઉડાવી દેતા મિયો માણેક રાજબહાદુરને કહે છેઃ 'આટલીવાર લાગે, રાજાબહાદુર ! પણ તું ને ન મરાય, તું તો લાખુંનોપાળનાર !' મૂળુ માણેક ભાંગતા શત્રુને મારતા નથી. વાઘેરો દ્વારકા છોડીને નાસે છે ત્યારે મકનપુર ગામનો સુમરો કુંભાણી પોતાની પત્નીને ઉપાડી જનાર વેરસીને નિરાધાર અને ઘાયલ પરિસ્થિતિમાં રસ્તા પર પડેલો જુએ છે ત્યારે તેના ૨ વેર લેવાને બદલે, વેર લેવાનું સ્મરણ કરાવતા કહે છેઃ 'વેરતો આપણે પછી વાળશું, વેર જૂના નહિ થાય' એમ કહેતાં સુમરો પોતાની કાંધે શત્રુ ઉઠાવી તેને સહીસલામત જગ્યાએ પહોંચાડે છે. આ બહારટિયા પોતાની સામે સામનો કરવા આવેલા વીર-પરક્રમી શત્રુની પણ પ્રશંસા કરતાં જણાય છે. મોવર સંઘવાણીએ રસ્તે જતી જાનના ગાડાં ઊભાં રખાવ્યાં ત્યારે વળાવિયા તરીકે જાનની સાથે આવેલા એક બ્રાહ્મણ યુવાન દોડીને બહારવટિયા અને વરનાં ગાડા વચ્ચે ઊભો રહીને કહે છેઃ 'મને મારીને પછી જાન લૂંટો !' આ સાંભળી મોવર સંઘવાણી તે યુવાનની પીઠ થાબડતા કહે છેઃ 'રંગ છે, જુવાન ! તારું બોલવું સાચું, તને ન લૂંટાય !' આ જ રીતે પરકરના વેપારી વાણિયાને એક તલવારે પોતાની આખી ટોળકી સામે ઘસી આવતો જોઈને માવર સંઘવાણી તેની પ્રશંસા કરતા બોલી ઊઠે છેઃ 'સાચો મરદ, ખરો મરે એવો મરદ !' આ પ્રકારે જ 'હમ નહિ હટેગે! નિમક ખાયા !' કહીને મોવરની ટોળી સામે આવેલા આરબ યુવાનની પણ તે પ્રશંસા કરે છે. ઉદયશંકર દેસાઈને પકડીને લઈ જતા ગીગા મહિયા સામે દેસાઇનો વફાદાર આદમી બંદૂક લઈને દોડે ત્યારે 'વાહ લોંઠ કાઈ! ખરો મારી !' કહીને મહિયો તેને પકડે છે. કોડીનાર ભાંગવા જતા જોધા માણેકથી ભય પામીને આવી ફોજ ભાગ છે પરંતુ અમાંથી એક જવામર્દ આમી મકરાણી

જોધા સામે ગોળી ચલાવે છે ત્યારે તે તેની વીરતાની પ્રશંસા કરે છેઃ 'વાહ જમાદાર !' આમ વીરતાની પ્રશંસા કરતા બહારવટિયાઓ તેમના વિલક્ષણ વ્યકિતને ઉપસાવે છે .

ગરીબો-બ્રાહ્મણ-ચારણ-ભાર પ્રત્યેના વ્યવહારમાં પણ બંને પ્રાન્ત બહારવટિયાની બહારવટા નીતિમાં સામ્ય નિહાળી શકાય છે. ઉત્તર ગુજરાતનો મીરખાન નેક- દિલેર અને ધાર્મિક પ્રકૃતિનો હોવાથી ગરીબો છોડી તેમ ઘાયલ કર્યો ત્યારે અફસોર વ્યકત કરતાં કહે છેઃ

"તુમને ગરીબો કો.... નહીં અચ્છા નહીં કિયા હૈ"

એટલું જ નહીં ગરીબ દેસાઈ દંપતીને તેના મામેરાનો પ્રસંગ ઉકેલવા આર્થિક સહાય પણ કરે છે. પણ આજ મીરખાન બ્રાહ્મણને, મંદિરને, ગરીબ મુસલમાનને લૂંટે છે, અબબાને મારે છે અને ભગવી કંથાવાળો મોતી રાવળને મારે છે. આ બનાવ પછી તે પકડાય છે અને તેને ફાંસી અપાય છે ભંકોડાના ભૂપતસિંહનો બ્રાહ્મણ-ચારણ પ્રત્યેનો આદર તેના વિશે લખાયેલા કથાગીતોમાં આ રીતે વ્યકત થયો છેઃ

"લૂંટે બજાર ને લૂંટે નગર ચોકને

જમાડે છે બઉ બ્રાહ્મણની નાતરે!" *('લોકસાહિત્યમાં કથાગીતો' પૃ.૨૩૫)*

"બ્રાહ્મણ ચારણને નથી લૂંટતો ઉપરથી આપે છે ઈમને દાનરે !" *(એજન, પૃ.૨૩૧)*

મીરખાનના સન્દર્ભે પણ રચાયેલાં કથાગીતોમાં તેમના ગરીબો પ્રત્યેના સદ્વ્યવહાર અને મૂડીવાદીઓ અને તેની શોષણનીતિ પ્રત્યેના આક્રોશને વ્યકત કરતા પ્રસંગો નિરૂપાયા છે.

જેમકેઃ

"ચોપડા બધા કૂટી વાળ્યા મીરખાનજી, ગામનું લોક રાજી થયું મીરખાનજી."

સોરઠી બહારવટિયાઓમાં ભીમો જત દીકરીને પરણાવવા માટે સહાય માગવા આવેલા બ્રાહ્મણને તો મદદ કરે જ છે, પણ એ સાથે ખૂબ થાકયો પાકયો હોવા છતાં બ્રાહ્મણને વચન આપ્યા મુજબ તેની દીકરીને કન્યાદાન દેવા માટે પાનેલી પહોંચે છે. ખેડૂતો રાયદે બહારવટિયાને રોટલા આપે છે એવી શંકા વ્યક્ત કરીને ખેડૂતોને હેરાન કરતા અમલદારોને રાયદે પંદર મણના લાડવા સાથે એક ચિઠ્ઠી મોકલે છે તેમાં લખ્યું હતુંઃ "હું ગરીબ ખેડૂતના રોટલા ઝૂંટવતો નથી, ઓરતને લૂંટતો નથી કે અડતો નથી, જાન લૂંટતો નથી, ખોટું બોલતોનથી, કોઈ માણસને પૈસાની ના કહેતો નથી." સોરઠના આ બહારવટિયા તો સંસ્કારી કુટુંબમાંથી આવેલા હતા, બહારવટિયા તો તેમણે તેમની સામે થયેલા અન્યાયે બનાવ્યા હતા. તેથી તેઓ ગરીબો-શોષિતો પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરતા. વ્યાજાખાઉ વેપારીના ચોપડા બાળતા, રામવાળો દાળિયાને પૂરી મજૂરી ન ચૂકવતા ડો.. પોલને મારે છે, જૂઠા ઠક્કર અને મૂળજી ઠક્કરને લૂંટીને તેને ગરીબ પ્રજાના લોહી ન પીવાની ચેતવણી આપે છે. આમ, ઉત્તર ગુજરાત અને સોરઠી બહારવટિયાઓ ગરીબો, બ્રાહ્મણ-ચારણ પ્રત્યે સદ્ વ્યવહારની બાબતે, માત્રાભેદે સામ્ય ધરાવે છે.

વિલક્ષણ ધર્મનીતિ, ઇશ્વર શ્રદ્ધા, પાપપુણ્યાદિ વિશેના ખયાલો, ચમત્કારો, આશીર્વાદ-શાપવાણી, ગાય-તુલસી-પીપળો, વગેરે પ્રત્યેનો આદરભાવ અને શુકન-અપશુકનની બાબતે પણ ઉત્તર ગુજરાત અને સોરઠી બહારવટિયાની કથાઓ તપાસતાં તેમાં કેટલુંક સામ્ય નિહાળી શકાય છે. મીરખાન ગરીબ દેસાઈને તેના સાથી

દ્વારા ઘવાયેલો જુએ છે ત્યારે તે તેની સારવાર કરવા માંડે છે અને અંતરથી અપરાધભાવ અનુભવતાં ખુદાને પ્રાર્થના કરે છેઃ

"ખુદા પરવદિગાર, મ...માફ કરના. ગલતી હો ગઈ મ..માફ કરના."

તે ઘોડા ઉપર બેસતા ધાડ પાડતો અલ્લાહ અલ્લાહ જેવા ઉદ્ગારો કાઢે છે. એટલું જ નહીં, બહારવટે ચડે છે ત્યારે પણ તેની ધાર્મિક શ્રદ્ધા વ્યક્ત કરતાં કથાગીતો જોવા મળે છે.

જેમ કેઃ

"જમણી હથેળીએ લોબાન બાળે મીરખાનજી પાટણના ચંદાપીર સમરે."

"હુકમ કરો પીર રમખાણે ચડયું મીરખાન કેય, હુકમ કરો તો રમખાણે ચડું."

રણો વીનો બાવો મીરખાનને આશીર્વાદ આપે છેઃ

"બાબા તે પીર તારી બેલે."

"મરદોનો માલ લેજો, ગુરબાને ન્યાલ કરજો, અલ્લાહ કરતાં જજો અલ્લાહ કરી ઘોડે ચડજો."

જીવીબાઈ દેસાયણ પણ તેને મદદ કરનાર ધરમના ભાઈ મીરખાનને આશીર્વાદ આપતા કહે છેઃ

"ખમ્મા મારા વીરાને ! માતાજીના સાતેય હાથ તારાં રખોપા કરે, વીરા ! તારા ધરમના બા'રવટાં અમર તપજો."

વડોદરાની સેન્ટ્રલ જેલમાં મીરખાનને ફાંસી આપવાના દિવસે પણ તે શું માગે છે? "મને પાણી આપો. વજુ માટેની તૈયારી કરું ! લોબાન, લીલી કફની, લૂંગી, લોબાનદાની, તેમાં દેવતા ને કુરાન શરીફ."

ભગવા કંથા વાળો મોતી રાવળ લડવા આવે છે ત્યારે તેને બસો રૂપિયા આપીને પાછો વાળવા પ્રયત્ન કરે છે ત્યારે પણ તે વિચારે છેઃ

"ચાંદા તે પીર મને કોપે, મીરખાન કેય હાજી બાવાનો કોલ તૂટે બસ્સો રૂપિયા આપવા રે, ભગવા વસ્ત્રવાળાને ન મારું તે કોલ છે."

આ ધાર્મિક પ્રકૃતિનો, અલ્લાહમાં વિશ્વાસ ધરાવતો, ચાંદાપીરને માનતો, હાજી બાવાને આપેલા કોલને પાળતો મીરખાન ભગવાધારીને લૂંટે છે, મારે છે અને પાલનપુરની હદનું ગામ લૂંટે છે ત્યારે નૈતિક રીતે બહારવટાનાં નીતિ-નિયમો તોડે છે અને પકડાય છે. મીરખાનના સંદર્ભે એક ચમત્કારિક પ્રસંગપણ નિરૂપાયો છે. તે પાલનપુરની હદના ગામમાં ઘાડ પાડવા પ્રવેશે છે ત્યારે તેના સહિત બધા સાથીઓને આંખે દેખાતું બંધ થાય છે. મીરખાન પ્રાયશ્ચિત કરે છે અને કોઈકને પૂછતાં ત્યાં કમાલુદી બાબાની દરગાહ હતી. ત્યારે જ તે પાલનપુરની હદમાં ન પ્રવેશવાનો નિર્ણય કરે, આ બહારવટિયાની સામે, સોરઠી બહારવટિયાનો અભ્યાસ કરીએ છીએ ત્યારે આ પ્રકારના અનેક સન્દર્ભો પ્રાપ્ત થાય છે. ભીમો જત રોજ સવાર-સાંજ જમિયલશા પીરની દરગાહ પર લોબાન પ્રગટાવી તસબી ફેરવી પોતાની તલવારને પણ ધૂપ દેતો. બાવાવાળો રોજ સૂર્યોદય અને સૂર્યાસ્ત વેળાએ ઘીનો દીવો પેટાવી સૂરજ સન્મુખ માળા ફેરવતો, એ પછી શત્રુઓની ફોજ પાછળ પડી હોય તો પણ નિત્ય નિયમ ન તોડતો. વાલો નામોરી પોતાની સાથે પીરનો કિનખાબી વાવટો ફેરવતો. રામવાળાની માતાએ રોજ સૂરજનાં દર્શન કર્યા પછી આહાર-પાણી લેવાનું વ્રત લીધું હતું. ચોમાસામાં સૂર્યનાં ૨૧ દિ' દર્શન

ન થયા ત્યારે ૨૧ દિવસ ઉપવાસ કર્યા હતા. રામવાળો રામાયણ-ગીતાના ઉપદેશ સાંભળતો અને તે સૂર્યનારાયણનો ભક્ત હતો. મૂળુ માણેક વિચિત્ર પ્રભુભક્ત હતો. એણે માધવપુર લૂંટવાની મધરાતે જ મંદિરના પૂજારીને પકડી મંગાવી, મંદિર ઉઘડાવી માધવરાયની મૂર્તિને વળગી ચોધાર આંસુડે રુદન કર્યું હતું અને દુકાનોમાંથી રેશમી વસ્ત્રનો તાકો ઉપાડી મંદિર ઉપર નવી ધજા ચડાવી હતી. મોવર સંઘવાણીને 'કોઠાવાળો પીર' સપનામાં આવી સંદેશો દઈ જતા હોવાની માન્યતા પ્રવર્તે છે. જોગીદાસ ખુમાણે બુઢ્ઢા મુજાવર મુરાદશાના પગમાં પડીને 'પીર ધનંતરશા તારાં રખવાળા કરશે' એવા આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ હિન્દુ બહારવટિયાઓને ઈશ્વરમાં અને પીર ફકીરોમાં પણ એટલી જ શ્રદ્ધા હતી. મૂળુ માણેકે 'માધવરાય' નામના બાળકને લૂંટયો નહોતો. આમ, પ્રત્યેક બહારવટિયાના આરાધ્યદેવ જુદા હતા અને દરેકની આરાધના કરવાની-પ્રાર્થના કરવાની રીત પણ જુદી હતી. ચોરી, લૂંટ, ધાડ પાડવી, હત્યાઓ કરવી જેવાં નિષેધાત્મક કાર્યો કરતાં પૂર્વે પણ આ બહારવટિયા ઇશ્વર સ્મરણ કરે, તેના આશીર્વાદ માગે અને આ કાર્ય સફળ થાય છે ત્યારે તેમાં ઈશ્વરની સહાયતા છે તેવું માને તે જ આ બહારવટિયાની વિલક્ષણ ધર્મનીતિ છે. આ બધા માટે ધર્મ અને નીતિ જુદાં છે.સોરઠી બહારવટિયાના સંદર્ભમાં આશીર્વાદ અને શાપવાણીના પ્રસંગો પણ નિરૂપાયા છે. ગીગા બહારવટિયાના સંદર્ભમાં શાપવાણી અને તેનો પ્રભાવ પાડતો પ્રસંગ યાદ કરવા જેવો છે. ગીગો મહિયો, સંધીઓથી દોરવાઈને, રબારીના નેશમાં લૂંટ ચલાવવા ઘુસે છે ત્યારે 'આપા ગીગા ! અમારે માથે? ગાયુ ને માથે? તુંને અહીં કોણ તારો કાળ તેડી લાવ્યો?' એમ કહેતી ચારણ સ્ત્રીનાં વચનોથી ગીગાને પોતાની ભૂલ સમજાય છે. તે બે હાથ જોડીને માફી માગે છે. ત્યારે તેને શાપમુક્ત કરવા ચારણ સ્ત્રી તેને કહેઃ 'એક મહિના સુધી ગામતરે ચડીશ મા, મહિના પછી તેર ચારણ્ય કુંવારકાને જમાડજે. જોગમાયા તારાં રખવાળાં કરશે.'

આ શાપના મારણરૂપે ચીંધાડાયેલ માર્ગને મિત્રના આગ્રહથી છોડવો પડયો અને ગીગો મિત્ર મોરલીશાના લગ્નમાં જાય છે અને ત્યાં રાજના માણસોથી ઘેરાઈ જતાં આત્મહત્યા કરે છે. આ શાપવાણી જોગણ જેવી રાધાબાઈને, ગરીબ લોકોના લોહી પીતો ડોસો ગાળો દેતા મારે છે ત્યારે 'બે થાંભલી વચાળે તારું મોત થાશે' જેવા ઉચ્ચારેલ વેણ રામવાળો સાચા પાડે છે. દેવદેવીઓ વિશેની એવી ધાર્મિક માન્યતા હતી કે દેવદેવી માણસના શરીરમાં પ્રવેશતાં અને માણસો માર્ગદર્શન આપતાં. રાજબાઈ (રાયદેની માતા)ના શરીરમાં આઈ કમરી આવે છે અને તે ધુણતાં ધુણતાં રાયદેને આશીર્વાદ સાથે બહારવટું કરવા સલાહ આપે છે. અદ્રશ્ય રહેતા દેવ-દેવીઓ તેમના ભક્તોની કસોટી કર્યા પછી પ્રગટ થઈને દર્શન દેતાં અને સહાય પણ કરતાં. જેસાજી વેજાજીની કસોટીરૂપે દેવી તેમનો બધો ખોરાક માગી લીધા પછી હાથ લંબાવે છે ત્યારે જેસાજી તેમની તલવારથી પીંડીઓમાંથી માંસ કાઢીને આપે છે. દેવી પ્રસન્ન થઈને તેમને બે અશ્વો આપે છે. સોરઠી બહારવટિયાઓના બહારવટા દરમ્યાન કેટલાક ચમત્કારો પણ થયા હતા. બહેનના પ્રેમભાવનાના પરિણામે થયેલા પ્રાર્થનાના ચમત્કારરૂપે જેસાજી વેજાજીના એક દિશાએ રહેલા પાળિયાઓ ઉગમણી-આથમણી દિશાએ ફરી જાય છે. ગ્રાન્ટ સાહેબના બરકંદાજો દારૂ ઢાલવી રહ્યા હતા ત્યારે બાવાવાળો દાના ભગતની સ્તુતિ કરતો હતો. એ જ સમયે દાના ભગત સગડી પાસે બેઠાં બેઠાં એક ચીપિયા વડે સગડીની અંદરથી એક ધગધગતો તિખારો ઉપાડી બીજી બાજુ મૂકીને બોલતા હતાઃ 'હવે મેલ્ય ને એમાં ટાંડી' અને નાંદીવેલામાં દારૂ પાથરતાં એક બરકંદાજની

બંદૂકની સળગતી જામગરી દારૂમાં પડી જાય છે અને બુંગણમાં પડેલો ગંજાવર ઢગલો સળગી ઊઠે છે. ગ્રાન્ટ સાહેબના માણસો સળગી જાય છે અને બહારવટિયા બચી જાય છે. સોમૈયા માણેકને દેવ થયેલ માનીને, 'સોમૈયાના કપાળ પરત સો શ્રીફળ વધેરવા'ની માનતા પૂરી કરવા આવેલી સ્ત્રી સામે સોમૈયો માણેક નિ:સંકોચપણે ઊભો રહે છે અને સ્ત્રી એક પછી એક શ્રીફળ કપાળ પર ફોડવાનું કહે છે ત્યારે શ્રીફળ કપાળને અડયા વિના જ અદ્ધર રહીને ફૂટવા માંડે છે. આવા ચમત્કારિક પ્રસંગો બન્ને પ્રાન્તની બહારવટિયાકથામાં જોવા મળે છે.

ઘોડાઓ સાથેના લગાવ અને ઘોડાને કારણે કેટલીક મુશ્કેલીઓમાંથી થયેલા ઉગારાના સન્દર્ભે પણ આ બન્ને પ્રાન્તના બહારવટિયાની કથાઓમાં કેટલુંક સામ્ય જોઈ શકાય છે. તાલાજી ઠાકોર બાર ઘોડા રાખતા. તેરમી રોઝલ નામનો ઘોડો રાખેલો. રોઝલ તેમને માટે જીવ સમાન હતો. તેણે જયારે ટ્રેન લૂંટી વિલાયતી માલ લૂંટયો ત્યારે તેને પકડવા ફોજ પાછળ પડી. તલાજીને લાગ્યું ‘‘આવી ભરાણું મોત, ઠાકૈડા' પરન્તુ રોઝલે હિંમત આપી અને તે ધીંગાણામાં વીરતાથી લડયો, પકડાયો. તેની રોઝલ વિશે કથાગીતમાં લખ્યું છે: "કુંદોરા લૂંટી રોઝલના હાર કર્યા.'' તલાજીને ફાંસીએ દીધો ત્યારે રોઝલે માથા પછાડયા હતા. કથાગીતમાં પણ 'રોઝરનો અસ્વાર તલાજી' જેવી પંક્તિ વારંવાર આવે છે. મીરખાન પણ પોતાના ઘોડા પ્રત્યે પ્રેમ પ્રગટ કરતાં અને અલ્લાહ અલ્લાહ જેવા ઉદ્‌ગારો કાઢતા ઘોડાની પીઠ પર બેસતો હતો. ઘોડાની સ્વામીનિષ્ઠા અને માનવીના તેના પ્રત્યેના પ્રેમ અને આદરભાવનાં અનન્ય દ્રષ્ટાન્તો સોરઠી બહારવટિયાઓની કથાઓમાંથી મળી રહે છે. ચાંપરાજવાળા અને તેની ઘોડી – રેશમ વચ્ચે અદ્‌ભુત સ્નેહ હતો. ચાંપરાજ વાળા પાછળ પલટન પડી છે. ચાંપરાજવાળો જીવ બચાવવા પોતાની ઘોડીને તળાવમાં ઊતારીને સામે કિનારે પહોંચે છે. ઘોડી તળાવમોં મગરની જેમ તરીને પોતાના સ્વામીને બચાવ્યો; પરન્તુ ચાંપરાજવાળો ઘોડીના પગ જુએ છે ત્યારે તેના પગના નળાનું હાડકું ભાંગ્યું હતું છતાં તેણે એક પણ વેદનાનો ચુંકારો કર્યો નહોતો. આ પ્રકારની વેદનાથી પીડાતી ઘોડીની દયા ખાઈને, તેને મારી નાખી, ઘોડીને પીડા મુક્ત કરાવવાના આશયથી ચાંપરાજવાળો તેના પર તલવારનો ઘા કરે છે, પરન્તુ તલવારના એક ઘાથી ઘોડી મરતી નથી. તેની વેદના વધી જતા તે ભાગે છે. ઘોડીને જોઈ પલટનવાળા પોતાના સ્થાને આવી પહોંચશે એવા ભયથી ચાંપરાજવાળો ઘોડીને સંબોધીને બૂમ પાડે છે: 'બાપ રેશમ ! બેટા રેશમ !' પીડાથી પાગલ બનીને ભાગતી ઘોડી સ્વામીના અવાજથી ઊભી રહી પાછી ફરે છે અને ડોક નમાવીને ઊભી રહે છે. ચાંપરાજવાળો તેને એક જ તલવારના ઝાટકે મારી નાખે છે ! આમ, બહારવટિયાનો ઘોડા સાથેનો નાતો જીવંત અને આત્મીયતા ભર્યો રહ્યો છે.

બહારવટિયાઓની વીરતા, પરાક્રમ, ઉદારતા, ગરીબો પ્રત્યેની સહાનુભૂતિ જેવા ગુણોથી પ્રભાવિત થઈને કંઈકેટલાય ચારણ-બારોટે તથા તત્કાલીન પ્રજાએ જે ગીતો-દુહાઓ જોડયાં છે તે પણ બન્ને પ્રાન્તના બહારવટિયાના સન્દર્ભમાં જોઈ શકાય છે. 'ગુજરાતી લોકસાહિત્યમાં કથાગીતો' (સંપાદક: હસુ યાજ્ઞિક)માં ઉત્તર ગુજરાતના મીરખાન વિશે 'સચ્ચિદનો નર છે વંકો', 'સચ્ચિદ ગામનો સંધી', 'સચ્ચિદ તે ગામનો સંધી', 'મીરખાનજી એંસીરો લીધો સાઉયો રે', 'ગામ સચ્ચિદનો વાસી' જેવાં પાંચેક કથાગીતો મળે છે. તલાજી વિશે 'બાર ઘોડલા તલો છેલ રાખતા', 'એ બાર ઘોડે તે જેમ તલોજી', જેવાં બે કથાગીતો મળે છે. ધીરજી વિશે

'હેમાળે ગાળ્યાં ખુમાણસંગ' જેવાં કથાગીત અને કેટલાક દુહાઓ મળે છે. ભંકોડાના ભૂપતસિંહ વિશે 'જીના હાકોટે ધરુજે કડીનાં કાગરા' જેવું કથાગીત મળે છે. સોરઠી બહારવટિયાના સંદર્ભમાં પણ કથાગીતો લખાયાં છે. જેસા વેજા વિશે 'જેસા વેજા તારી જોડ્યું ભારે' જેવું કથાગીત મળે છે. 'થોકબંધ સૂની રે ડેલી સૂના ડાયરા' જેવું કથાગીત રામવાળાના સંદર્ભે મળે છે. મૂળુ માણેક મૃત્યુ પામ્યો ત્યારે તેનું દુઃખ માત્ર કોઈ એક વ્યક્તિને નહીં, સમગ્ર ઓખામંડળને હતું તેવો દુહો રચાયો છે.

"નારીયું નત્ય રંડાય, નર કે'દી રંડાય નહિ, ઓખો રંડાણો આજ, માણેક મરતે મૂળવો."

"ગોમતીએ ઘુંઘર તાણીયા, રોયા રણછોડરાય, મોતી હૂતું તે રાવાઈ ગયું, માણેક ડુંગરમાંય."

પ્રજાએ પણ પીડા સહન કરતાં કરતાં પણ બહારવટિયાની વિરતાને બિરદાવી છે. તલાજી ઠાકોરને પકડી કડી લઈ ગયા હતા ત્યારે ત્યાંના મા'જન ભેગા થયા અને તલાજીની ભારોભાર રૂપિયા આપીને તલાજીને તલવાર પાછી આપવા-છુટા કરવા અમલદાર સમક્ષ વિનંતી કરી હતી. ભૂપતસિંહ વિશે તો એવું લખાયું છે કે કડીની સૂંઠ લેવા ગયેલી સૂબાની દાસીને વેપારીએ પૂછ્યું કે કડીમાં સારી સૂંઠ નથી મળતી ત્યારે તે કહે છેઃ

"સારી સૂંઠ તો ભૂપતની મા ખાઈ ગઈ, કડીમાં રહ્યો છે કૂચા માલ રે..."

સૌરાષ્ટ્રમાં તો કંઈકેટલાય બહારવટિયાઓને પ્રજાએ પોતાને ત્યાં આશરો આપીને રાખ્યા પણ છે.

આમ, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રની બહારવટિયા કથાઓને તુલનાત્મક અભિગમથી તપાસીએ છીએ ત્યારે બન્ને પ્રાન્તના બહારવટિયાના બહારવટાનાં કારણો, સ્ત્રી પ્રત્યેના વ્યવહાર-વર્તન, બહાવટાનાં નીતિ-નિયમો, દુશ્મન પ્રત્યેના તેમના વ્યવહારો, ગરીબો-બ્રાહ્મણ, ચારણ-ભાટ-ગાયો પ્રત્યેના સદ્ભાવભર્યો વર્તાવ, તેમની વિલક્ષણ ધર્મનીતિ, ઈશ્વરશ્રદ્ધા, ચમત્કારો, આશીર્વાદ, શાપવાણીમાં શ્રદ્ધા, શુકન-અપશુકનના ખ્યાલો, તેમના પરાક્રમોની પ્રશંસા કરતાં કથાગીતો-દુહાઓ, ઘોડા પ્રત્યેનો તેમને આત્મીય લગાવ-વગેરે સન્દર્ભે ઘણું બધું સામ્ય દેખાય છે. આ કથાઓ વાંચતા એક એવું તારણ કાઢી શકાય કે ઉત્તર ગુજરાતમાં જેટલા બહારવટિયાઓ થયા છે તેની તુલનાએ સૌરાષ્ટ્રમાં ઘણાબધા બહારવટિયા થયા છે. વળી, આ બહારવટિયાનાં ગુણ—લક્ષણો અને જીવનપ્રસંગોમાં માત્રાભેદે ઘણું વૈવિધ્ય પણ જોવા મળે છે. સોરઠી બહારવટિયાઓમાં જોગીદાસ ખુમાણ, કાદુ મકરાણી જેવા સંસ્કારી અને ખાનદાન બહારવટિયાઓ જગતમાં જોટો જડવો મુશ્કેલ છે. વળી, સારી વાત તો એ છે કે આ ખાનદાન અને સંસ્કારી બહારવટિયાઓની કથાઓને આલેખવા માટે સમર્થ સંશોધક અને સર્જનાત્મક પ્રતિભાવાળા સર્જક- ઝવેરચંદ મેઘાણી મળી ગયા છે. ઉત્તર ગુજરાતના, કદાચ બધા બહારવટિયાની કથાનું સંશોધન પણ થયું નહીં હોય અને જે થયું છે તેને મેઘાણી જેવા સત્ત્વશીલ સર્જક પ્રાપ્ત થયા નથી. હજી સમય વીતી ગયો નથી. સોરઠી બહારવટિયાઓને મળ્યા અને ફળ્યા એવા સર્જક ઉત્તર ગુજરાતના બહારવટિયાઓને પણ મળે અને ફળે એવી ઉત્તર ગુજરાત પ્રાન્તના સંશોધક અને સર્જક પાસે આશા રાખીએ તો તે વંધ્ય તો નહીં જ નીવડે.

**સંદર્ભઃ**

***૧. 'લોકસાહિત્યઃ ધરતીનું ધાવણ', ઝવેરચંદ મેઘાણી, ગુજરાત સાહિત્ય અકાદમી, ૨૦૧૨.***

**૨.** 'ગુજરાતી લોકસાહિત્યમાં કથાગીતો', સંપાદક: હસુ યાજ્ઞિક, ગુજરાત સાહિત્ય અકાદમી, ૨૦૧૪.

**૩.** 'ઉત્તર ગુજરાતની લોકકથાઓ', સંપાદક: બળવંત જાની, પાર્શ્વ પ્રકાશન, ૨૦૧૨.

**૪.** 'લોકગુર્જરી': અંક, છવ્વીસ.

**૫.** 'ઉત્તર ગુજરાતની લોકકથાઓ', સંપાદક: ડાહ્યાભાઈ બ્રહ્મભટ્ટ, પ્રકાશંક પોતે, ૧૯૯૩.

**૬.** 'સોરઠી બહારવટિયા', ઝવેરચંદ મેઘાણી, *ગુજરાત સાહિત્ય અકાદમી, ૨૦૧૨.*

---

**ડૉ. કૌશિકકુમાર એલ. પંડ્યા,** મદદનીશ પ્રાધ્યાપક, સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, બાબરા, જિ. અમરેલી

Email: kaushikpandya88@gmail.com